dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
B++ NAAC Accredited University

February 2009 For private circulation only Vol. 01 - Issue 04

રાત વિતી ને વાયું વ્હાણું, અરુણોદય દીપતો આ;
પ્રકાશ કુમળો સુનું ઓપતું, શકુન સહૂ શુભ સોહયા.

વીર નર્મદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૯ના દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં એક નવુ પૃષ્ઠ ઉમેરાશે. યુનિવર્સિટીનો દિક્ષાન્ત સમારોહ આ દિવસે યોજાશે. આમ તો દર વર્ષે યોજાય છે તેવો જ આ ચાલીસમો પદવીદાન સમારોહ હશે. ઐતિહાસિક ઘટના એટલા માટે કે વીર નર્મદની પૂણ્યતિથીના દિવસે યોજાતો આ પ્રથમ પદવીદાન સમારોહ થશે.

વીર નર્મદની મૃત્યુતિથી ૨૬મી ફેબ્રુઆરી ૧૮૮૬. યુનિવર્સિટીનું નવું નામાભિધાન વીર નર્મદ સાથે જોડાયા બાદ સેનેટની ૨૮-૩-૨૦૦૭ની સભામાં પદવીદાન અંગેના સ્ટેચ્યૂટ-૨૨ના સુધારાનો ખરડો પસાર થયા બાદ રાજય સરકારની મહોર લાગતાં તે અમલી બન્યો. હવેથી યુનિવર્સિટીનો દિક્ષાન્ત સમારોહ હંમેશ માટે ૨૬મી ફેબ્રુઆરી રહેશે. આ વર્ષના આ સમારોહ થકી વીર નર્મદના આત્માને યુનિવર્સિટી શ્રધ્ધા સુમન અર્પણ કરશે.

સુપ્રસિધ્ધ સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકર દ્વારા નર્મદના જીવન વિષે તૈયાર કરાયેલ મોનોગ્રાફની પ્રથમ આવૃત્તિ સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા વર્ષ-૧૯૭૦માં પ્રકાશિત થઈ. આ પુસ્તકનું કવર પેજ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મહાન ફિલ્મ દિગ્દર્શક શ્રી સત્યજીત રે દ્વારા તૈયાર કરાયેલ છે. આ પુસ્તકની બીજી આવૃત્તિનું સંપાદન શ્રી હરિશ ત્રિવેદી દ્વારા કરાયું જે ધી ઈન્ડિયા ફાઉન્ડેશન, ડાયટન, ઓહિયો, યુ.એસ.એ. દ્વારા વર્ષ ૧૯૯૫માં પ્રકાશિત થયું છે. આ પુસ્તકના પાન-૭૧ પર વીર કવિ નર્મદના નિધનની નોંધ (Obituary), અન્ય કોઈ નહીં પરંતુ કવિના પરમ મિત્ર નવલરામ પંડયા દ્વારા તૈયાર કરાયેલ જે ગુજરાતી સ્કૂલ ન્યૂઝલેટર- ''ગુજરાત શાળા પત્ર'' માં છપાયેલ. આ નોંધના ભાવવાહી શબ્દોથી વધુ સારી અંજલિ કઈ હોઈ શકે ?

*''कर कंपत, कलम न चलत, दृग आच्छादित होत;*
*किस् बिध लिखुं पंडित कवि, नर्मद दु:खद मौत.*

*આપણા પ્રાંતના પરમ પ્રસિધ્ધ ગ્રંથકર્તા; ગૂજરાતી ગદ્યને રૂઢ રૂપમાં આણનાર; રસ પ્રાધાન્ય કવિતાના લેખક તથા બોધક; સુધારાના એકવાર સર્વોપરી અગ્રણી તથા તેને પોતાની નિડર રસમયી વાણીથી ગુજરાતના આ છેડાથી પેલા છેડા સુધી ગજાવી મૂકનાર; સદા સર્વથા પોતાના મનમાં જે આવ્યું તે પ્રમાણે જ બોલનાર, લખનાર, અને વર્તનાર; દેશાભિમાન શબ્દ અને તેની લાગણી આખા પ્રાંતને આપનાર; નિરંતર દેશોન્નિત્ત અને સાક્ષરત્વના વિચારમાં નિમગ્ન રહેનાર; જેણે પોતાની આખી જિંદગીમાં જ પૈસાને તો તુચ્છ ગણી તેના સંપાદનમાં તથા સંગ્રહમાં કાંઇ લક્ષ જ આપેલું નહિ, એવા શ્રી ભારતીના અંકાંતિક ભકત, અમારા પ્રિય મિત્ર, અને ગૂજરાતના અનુપમ રત્ન શ્રી કવિ નર્મદાશંકર લાલશંકરના યશસ્વી ઊંચ અંશી આત્માને આ રીતે છેલ્લીવારના જ પ્રણામ કરવાનો પ્રસંગ આવેલો જોઇ અમારૂં અંત: કરણ છિન્ન ભિન્ન થઇ ગયું છે, અને ઊંડી દિલગીરીએ તેમાં પેસી અખંડનિવાસ કર્યો છે ! ભવતુ ! એ સાચો શૂરો (વખતે કદાપિ ભૂલેલો તો પણ) હંમેશાં લાગણીમાં ઊંચો તે શુધ્ધ આત્મા જયાં હોય ત્યાં સુખી થાઓ ! ''*

યુનિવર્સિટીનો દિક્ષાન્ત સમારોહ એટલે વિદ્યાભ્યાસ પૂર્ણ થાય ત્યારે વિધિવત રીતે વિદ્યાર્થીને સ્નાતકની પદવીથી નવાજવાનો ઉત્સવ. સ્નાતક એટલે જેનું સ્નાન થઈ ચૂકયું છે તે. ગુરૂકુલ પરંપરામાં વિદ્યાભ્યાસ પૂર્ણ થતાં શિષ્યને વિધિવત રીતે સ્નાન કરાવવામાં આવતું. આ રીતે જેનું સ્નાન થઈ જાય તેનો

વિદ્યાભ્યાસ પૂર્ણ થયેલો ગણાતો અને ત્યારબાદ વિદ્યાર્થી ગુરુગૃહ છોડી પોતાના ઘેર પાછો ફરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો. આ પ્રસંગે ગુરુ શિષ્યને અંતિમ બોધ આપતા. હાલની વ્યવસ્થામાં આપણે તેને દીક્ષાન્ત પ્રવચન કહીએ છીએ.

તૈતરીય ઉપનિષદ્‌ની પહેલી વલ્લી (પ્રથમ અધ્યાય) ''શિક્ષાધ્યાય'' નામે પ્રસિધ્ધ છે. પહેલી વલ્લીના દસ અનુવાક્‌માં ઋષિ શિક્ષાશાસ્ત્ર થકી બ્રહ્મતેજના સંધાનના રહસ્યો, લોક, જયોતિ, વિદ્યા, પ્રજા અને અધ્યાત્મ-શરીર એ પાંચ વિષયોની મહાસંહિતા વિશે શિષ્યને વેદોનું જ્ઞાન આપે છે. અગીયારમા અનુવાક્‌માં વેદ ભણાવીને ગુરુ શિષ્યને બોધ આપે છે. દિક્ષાન્ત પ્રવચન માટે આનાથી સારું કોઈ પ્રવચન હોઈ શકે નહીં.

ગુરૂના ઉપદેશનું પ્રથમ વિધાન છે - सत्यं वद । સત્ય જીવનનો પાયો છે; સત્ય ધર્મનો પ્રાણ છે; સત્ય અધ્યાત્મનો આત્મા છે. ઋષિ કહે છે ''બેટા ! તું સત્યને જાળવી રાખજે. બાકીનું બધું જળવાઈ રહેશે.''

ગુરૂના ઉપદેશનું દ્વિતીય વિધાન છે - धर्मं चर । ''તુ ધર્મનું આચરણ કરતો રહેજે.'' ધર્મ વ્યકિત અને સમાજને ધારણ કરી રાખે છે, ટકાવી રાખે છે.

ગુરૂ શિષ્યને ત્રીજો આદેશ આપે છે - स्वाध्यान्मा प्रमदः । ''તું સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહી. સ્વાધ્યાય દ્વારા જ તું વિદ્યાના સંપર્કમાં રહી શકીશ અને એ વિદ્યા તને જીવન જીવવાની જડીબુટ્ટી આપશે.''

સત્ય, ધર્મ અને સ્વાધ્યાય - આ ત્રણ આદેશ પછી ગુરુ શિષ્યને કહે છે : आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सी : । ''ગુરૂકુલ પરંપરા નિભાવવા, વિદ્યાના શિક્ષણની પરંપરા ચાલે તે માટે ધન આપીને પ્રજાતંતુનું રક્ષણ કરજે.''

ત્યારબાદ ગુરૂ આદેશ આપે છે - ''પ્રમાદ કરતો નહી.'' કયા-કયા ક્ષેત્રોમાં પ્રમાદ કરીશ નહીં તેની યાદી આપે છે :

सत्यान्न प्रमदितव्यम् । ''સત્ય આચરણમાં પ્રમાદ ન કરતો''

धर्मान्न प्रमदितव्यम् । ''ધર્મના પાલનમાં પ્રમાદ ન કરતો''

कुशलान्न प्रमदितव्यम् । ''યોગક્ષેત્રમાં પ્રમાદ ન કરતો''

भूत्यै न प्रमदितव्यम् । ''ઉન્નતિમં પ્રમાદ ન કરતો''

स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् । ''સ્વાધ્યાય-પ્રવચનમાં પ્રમાદ ન કરતો''

देवपितृकार्याम्यां न प्रमदितव्यम् । ''દેવપિતૃકાર્યમાં પ્રમાદ ન કરતો''

અહીં સત્ય અને ધર્મના આદેશ ઉપરાંત તેમાંના પાલનમાં પ્રમાદ ન કરવાનો ગુરુ આદેશ આપે છે. પુનરાવર્તન દ્વારા તેની મહત્તા સાબિત થાય છે.

હવે ગુરુના ઉપદેશનો દ્વિતીય ભાગ શરૂ થાય છે. તેમાં પ્રથમ કહે છે. : मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । માતા, પિતા, આચાર્ય અને અતિથિને પરમ પૂજય માનવાનો આદેશ છે.

આથી આગળ ગુરૂ કહે છે, यान्यस्माकं सुचरितानि । तानि त्वयोपास्यानि । नो इतराणि । ''અમે સર્વશ્રેષ્ઠ નથી. અમારાથી પણ વધુ ઉચ્ચ કક્ષાના બ્રહ્મનિષ્ઠ પુરુષો છે. તુ તેમનો આદર કરજે. અમારું જે સારુ આચરણ હોય તેનું તારે સેવન કરવું.

ત્યારબાદ ગુરુ પોતાના શિષ્યને દાનનો મહિમા સમજાવતાં કહે છે :

श्रध्धया देयम् । अश्रध्धयाऽदेयम् । શ્રધ્ધાપૂર્વક આપજે. અશ્રધ્ધાપૂર્વક ન આપતો

श्रिया देयम् । પોતાની આર્થિક સ્થિતિને અનુરૂપ દાન આપજે

ह्रिया देयम् । સંકોચપૂર્વક દાન આપજે જેથી લેનારને સંકોચ ન થાય.

भिया देयम् । ભયપૂર્વક દાન આપજે જેથી દાન આપતાં અભિમાન ન આવી જાય.

संविदा देयम् । ભાવપૂર્વક દાન આપજે

પછીના શ્લોકમાં ગુરુ પોતાના શિષ્યને શંકામુકત થવા માટે ઉત્તમ પુરુષોના આચરણને જોવાની તથા તે મુજબ વર્તવાની સલાહ આપે છે. ગૂંચમાંથી મુકત થવા માટે આપ્તપુરુષોને પ્રમાણ માનવાની આજ્ઞા આપે છે. - ये तत्र ब्राह्मणाः सम्मर्शिनः । युक्ता आयुक्ताः । अलूक्षा धर्मकामाः स्युः । यथा ते तत्र वर्तेरन । तथा वर्तेथाः ।

છેલ્લે, ગુરુ કહે છે - एष आदेशः एष उपदेशः । एषा वेदोपनिषत् । एतदनुशाशनम् । एवमुं पासितव्यम् । एवमु चैतदुपास्यम् ।। અર્થાત્, આ આજ્ઞા છે, આ ઉપદેશ છે, આ વેદનું ગૂઢ રહસ્ય છે, આ ઈશ્વરનું વચન છે, આ પ્રમાણે ઉપાસના કર. આ પ્રમાણે જ આની ઉપાસના કર.

યુનિવર્સિટીનો ધ્યેય મંત્ર-ધ્યાન મંત્ર ''सत्यम् ज्ञानम् अनन्तम्''એ પણ આજ ઉપનિષદના બીજા અધ્યાય ''બ્રહ્મવલ્લી'' ના પ્રથમ અનુવાક્‌માંથી લીધેલ છે.

ॐ ब्रह्मविदाप्नोति परम् । तदेषाऽभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म। यो वेद निहितं गुहायां परमे योमन् । सोऽश्नुत सर्वान्कामान्सह । ब्रह्मणा विपश्चितेति ।।

અર્થાત્ બ્રહ્મજ્ઞાની પુરૂષ પરબ્રહ્મને પામે છે. આ સત્યને બતાવવા આગળના મંત્રો છે. તે પરબ્રહ્મ સત્-સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને અનંત છે. તે બ્રહ્મ પરમ આકાશમાં સ્થિત છે, છતાં સાથે સાથે સૌની હૃદય ગુફામાં પણ અવસ્થિત છે. જે પુરૂષ પરબ્રહ્મને યથાર્થતઃ જાણે છે તે પરબહ્મ સાથે સમરૂપ રહીને બધા પ્રકારના ભોગોને અલૌકિક રીતે અનુભવે છે.

આવી અનુભૂતિ સૌ સ્નાતકો પામે તેવી શુભકામના સહ !

૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૯

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી

## નવતર અભિગમ

નવતર અભિગમના ભાગરૂપે યુનિવર્સિટીમાં સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ સાથે આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબના અધ્યક્ષપદે કુલસચિવશ્રી જે. આર. મહેતા, પરીક્ષા નિયામકશ્રી અરવિંદ ધડુક તથા અન્ય પદાધિકારીઓની એક સભા તા. ૧૨-૨-૨૦૦૯ના રોજ યોજાઈ ગઈ. તંદુરસ્ત પર્યાવરણમાં યોજાયેલી આ બેઠકમાં આચાર્યશ્રીઓએ પરીક્ષાલક્ષી અને વહીવટીય સમસ્યાઓની રજૂઆત કરી હતી. આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબે આચાર્યશ્રીઓની રજૂઆતને સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો.

આ બેઠકમાં સાઉથ ગુજરાત યુનિવર્સિટી એરિયા કોલેજ પ્રિન્સિપાલ એસોસિએશનના પ્રમુખ ડૉ. વિક્રમ દેસાઈ, મંત્રી પ્રિ. અશોક દેસાઈ, પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ, પ્રિ. જે.એમ. નાયક અને અન્ય આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

## ઉદ્દમો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ

યુનિવર્સિટીનો ૩દ્દમો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ તા. ૨૯-૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ દરમ્યાન બોર્ડ ઑફ સ્પોર્ટસના અધ્યક્ષશ્રી દિપક આફ્રિકાવાલા, કુલસચિવશ્રી જે.આર.મહેતા, સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલ અને નિયામકશ્રી પોલ ડેવિડના માર્ગદર્શન તળે સુચારુ રીતે સંપન્ન થયો.

તા. ૨૯-૧-૨૦૦૯ના રોજ આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબના અધ્યક્ષસ્થાને સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ચેતન શાહના શુભ હસ્તે સ્પર્ધકો અને મહેમાનોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

આ મહોત્સવમાં એકાંકી નાટક, સમૂહ નૃત્ય, સમૂહ ગીત, ગરબા, એકપાત્રિય અભિનય, શાસ્ત્રીય નૃત્ય, (ભરત નાટયમ્-કથ્થક) શાસ્ત્રીય કંઠય સંગીત, હળવું કંઠય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય, સૂર વાદ્ય), હસ્તકલા, શીઘ્ર ચિત્ર, કાવ્ય પઠન, પાદપૂર્તિ અને નવલિકા લેખન તથા વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૩૧-૧-૨૦૦૯ના રોજ આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબના અધ્યક્ષસ્થાને 'વિજયશ્રી' પારિતોષિક વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

**(૧) એકાંકી નાટક (સ્વ. દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપદ્મ)** પ્રથમ - ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત. (એક અજાણતા રાજા), દ્વિતીય - એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. (બંધ દરવાજા), તૃતીય - શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. (રેવા), શ્રેષ્ઠ દિગ્દર્શન - શૈલેન્દ્ર વડનેરે (એક અજાણતા રાજા), શ્રેષ્ઠ લેખન - પ્રા. જયોતિ વૈદ્ય (બંધ દરવાજા), શ્રેષ્ઠ સંગીત - શ્રી જીગ્નેશ પટેલ (રેવા), શ્રેષ્ઠ પ્રકાશ - હિતેષ પટેલ (એક અજાણતા રાજા), શ્રેષ્ઠ સન્નિવેશ - શૈલ ક્રિએશન (એક અજાણતા રાજા).

**(૨) સમૂહ નૃત્ય (મેસર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદ્મ)** પ્રથમ - શ્રીમતી. જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, દ્વિતીય - ૧. શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર, ૨. આર્ટસ એન્ડ કોમસ કોલેજ, સરભાણ, તૃતીય - ૧. એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત, ૨. બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટી., નવસારી, પ્રોત્સાહન ઈનામ - ૧. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંડા, ૨. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી.

**(૩) સમૂહ ગીત (સ્વ. ભગુભાઈ નાથુભાઈ જરીવાલા વિજયપદ્મ)** પ્રથમ - વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, દ્વિતીય - ૧. શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, ૨. નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ, તૃતીય - ૧. બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટી., નવસારી, ૨. સર પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત, પ્રોત્સાહન - ૧. એસ. પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત, ૨. શાહ એન, એચ. કોમર્સ કોલેજ, વલસાડ.

**(૪) ગરબા (રોટરી કલબ ઓફ સુરત વિજયપદ્મ)** પ્રથમ - શ્રી જે. ડી. ગબાણી કોમર્સ, કોલેજ, સુરત, દ્વિતીય - ૧. શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત, ૨. પ્રા. વી. બી. શાહ ઈન્સ્ટી., ઓફ મેનેજમેન્ટ કોમર્સ, અમરોલી, તૃતીય - ૧. શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, ૨. શાહ એન, એચ. કોમર્સ કોલેજ, વલસાડ, પ્રોત્સાહન - ૧. એમ. આર. આર્ટસ કોલેજ, રાજપીપળા, ૨. વી. એસ. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા.

**(૫) એક વ્યકિત અભિનય (શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદ્મ)** પ્રથમ - ૧. પલક શાહ, સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત, દ્વિતીય - ૧. નમ્રતા દેસાઈ, શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, ૨. ધ્વનિ શુકલ, એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત, તૃતીય - ૧. પ્રજ્ઞા સિંઘ, ગવર્નમેન્ટ કોલેજ, દમણ, ૨. અમિષ દેસાઈ ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત, ચતુર્થ વિજેતા ( વિશેષ પ્રોત્સાહન ) - ૧. જગદીપ બેદી, ઉધના સિટીઝન બેંક કોમર્સ કોલેજ, ઉધના, ૨. નિલમ મિસ્ત્રી, જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ, કોલેજ, અમરોલી, ૩. અર્પિતા, શાહ એન. એચ. કોમર્સ કોલેજ. વલસાડ.

**(૬) શાસ્ત્રીય નૃત્ય (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ)** (ભરતનાટયમ્) પ્રથમ - ૧. આશિકા કે. મહેતા, ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત, દ્વિતીય - ૧. નારણલાલા ઈન્સ્ટી., નવસારી, ૨. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, તૃતીય - ૧. એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત, ૨. પી. ટી. સાર્વજનિક કોલેજ, સુરત, (કથ્થક નૃત્યશૈલી) પ્રથમ-૧. મૃગા પી. વોરા, આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ.

**(૭) શાસ્ત્રીય કંઠય સંગીત (સ્વ. નટવરલાલ ભગુભાઈ જરીવાલ વિજયપદ્મ)** પ્રથમ - એસ. બી. ગાર્ડા આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી, દ્વિતીય - સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ. કોલેજ, અંકલેશ્વર, તૃતીય - ૧. પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટી., ઓફ મેનજમેન્ટ કોમર્સ, અમરોલી, ૨. ડીપાર્ટમેન્ટ ઓફ એમ. બી. ઈ. (ઈકોનોમીકસ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.

**(૮) હળવું કંઠય સંગીત (બેંક ઓફ ઈન્ડિયા વિજયપદ્મ)** પ્રથમ - સ્તુતિ સોની, નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ, દ્વિતીય - ડીપાર્ટમેન્ટ ઓફ સ્ટેટીસ્ટીકસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત, તૃતીય - શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, ચતુર્થ (પ્રોત્સાહન) ૧. ડીપાર્ટમેન્ટ ઓફ રીસર્ચ મેથોડોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત, ૨. જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર, ૩. પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત, ૪. શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

**(૯) શાસ્ત્રીય વાદ્ય સંગીત (બારડોલી પ્રદેશ કેળવવી મંડળ વિજયપદ્મ)** (સ્વર વાદ્ય) પ્રથમ - ૧. મનીષ કે. સોલંકી,

શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, દ્વિતીય - ૨. સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ, કોલેજ, અંકલેશ્વર, ૩. વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ ફાર્મસી, બારડોલી, તૃતીય - ૧. ઈવનીંગ કોમર્સ કોલેજ (કે.પી.), સુરત ૨. શારદા બી. એડ, કોલેજ, અમરોલી, (તાલ) પ્રથમ - ભાવેશ વઘાસીયા, પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટી., ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, અમરોલી, દ્વિતીય - આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ, તૃતીય - સર પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત.





**(૧૦) હસ્તકળા (સ્વ. ઠાકોરભાઈ (ભગોદ) વિજયપદ્મ)** પ્રથમ - ૧. ઘોડિયા સોનલ સી., એમ. કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામ, ૨. પટેલ સુહોશ એસ., આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ખોલવડ, દ્વિતીય - ૧.ચૌધરી રૂશનકુમાર પી., જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ, ૨. યાશ્મીન જે. શેખ, કે.બી. એસ. કોલેજ ઓફ પ્રોફેસનલ સાયન્સ એન્ડ કોમર્સ, સુરત, તૃતીય - ૧. સ્નેહ આર. રેવાવાળા, કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત, ૨. પટેલ સંજયકુમર જે., બી. એડ. કોલેજ, ભરૂચ, ચતુર્થ (પ્રોત્સાહન)- ૧. કુરેશી યુ. બી., સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નૈત્રંગ, ૨. ટી. બી. વાઘ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપાડા, ૩. જી. બી. પટેલ, વી. એસ. પટેલ કોલેજ, બીલીમોરા ૪.વસાવા આર. ડી., આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ, ૫. દર્શના પટેલ, ડીપાર્ટમેન્ટ ઓફ એમ. પી. એ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.






**(૧૧) શીઘ ચિત્ર સ્પર્ધા** પ્રથમ - ૧. બેલસરે ગૌરવ, જી. સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત, ૨. માંગેલા ચિરાગ, ગર્વનમેન્ટ કોલેજ, દમણ, દ્વિતીય - ૧. મકસાર નીશરીન નોશિક, એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત, ૨. મિસ્ત્રી અનિલકુમાર, શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ, તૃતીય - ૧. મૈસુરીયા કિરણ વી., બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુ., બારડોલી, ૨. સોલંકી હેમાલી જતીનભાઈ, શ્રી શાંતારામ ભટ્ટ કોલેજ, મોતા, ચતુર્થ (પ્રોત્સાહન) - ૧. અંજારીયા પિયુષ સુરેશચંદ્ર, એમ. ટી. બી. કોલેજ, સુરત, ૨. પટેલ રાજેશ અમૃતભાઈ, જય જલારામ તાલિમ સ્નાતક, થવા ૩. વઘાસીયા વૈભવ, વી. બી. શાહ કોમર્સ કોલેજ, અમરોલી ૪.બકસીવાલા હેમાલી બી., ડી. આર. પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા, ૫. બદામી ધૃતિ કે. ડીપાર્ટમેન્ટ ઓફ એમ. એસસી. (બાયાટેક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત





**(૧૨) કાવ્ય પઠન** પ્રથમ - શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી, દ્વિતીય - ૧. સરકારી કોલેજ, દમણ, ૨. સર કે. પી. કોમર્સ કોલેજ, સુરત, તૃતીય - સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા.



**(૧૩) પાદ્ પૂર્તિ** પ્રથમ - ૧. શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલજ, ભરૂચ, દ્વિતીય - ૧. સર કે. પી. કોમર્સ કોલેજ, સુરત ૨. કે.બી.એસ. કોલેજ ઓફ પ્રોફેસનલ સાયન્સ એન્ડ કોમર્સ, સુરત, તૃતીય - ૧. શ્રી એમ. આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા, ૨. નવયુગ સાયન્સ કોલેજ, સુરત



**(૧૪) નવલિકા લેખન** પ્રથમ - ૧. પટેલ કૌશિકકુમાર શાંતિલાલ, આર. કે. દેસાઈ કોલજ ઓફ એજયુકેશન. વાપી, દ્વિતીય - ધારા એન. પારેખ, એસ. એસ. અગ્રવાલ કોલેજ, નવસારી, તૃતીય - ૧. ધીરેન્દ્ર ભવદેવ મિશ્રા, કે.બી.એસ કોલેજ, વાપી, ૨. પટેલ કિંજલ અરવિંદ ભાઈ, શ્રી એમ. આર. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી.





## GSC-2009

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સાયન્સ એકેડમીના સંયુકત ઉપક્રમે તા. ૧૫-૦૨-૦૯ ના રોજ યુનિ.ના આંગણે યુનિવર્સિટી અને ગુજરાત સાયન્સ એકેડેમીના ઉપક્રમે યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે ૨૩મી નેશનલ સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. સવારે ૯.30 વાગ્યે પ્રાર્થના અને કુલપતિ પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ અને અન્ય મહાનુભાવોના હસ્તે વીર નર્મદની પ્રતિમાને ફુલહાર કરીને દિપ પ્રાગટય સાથે પ્રોગ્રામની શરૂઆત થઈ હતી.

કુલપતિ પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ જણાવેલ કે યુનિવર્સિટીમાં આટલી મોટી સંખ્યામાં સંશોધનકર્તાઓ મળે અને જ્ઞાનની વહેંચણી કરે ત્યારે તે એક દિવસના સ્થાને બે અથવા ત્રણ દિવસ માટે આવું આયોજન થાય તેવી અપીલ કરી હતી. આ સંમેલન વિદ્યાર્થીઓની સંશોધનાત્મક શકિતને બહાર લાવવા માટે ફળદાયી નીવડશે. યુનિવર્સિટી સીસ્ટમમાંથી વધુ કાર્યક્ષમ સંશોધકો રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓમાં જોડાતા યુનિવર્સિટી કક્ષાએ વિજ્ઞાનના સંશોધનમાં વેગ ઘટયો હતો. તેને સંતુલિત કરવા માટે બધાને કમર કસવા અપીલ કરાઈ હતી.

ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના ડાયરેકટર પ્રો. ગોસ્વામીએ તેમના સંશોધનમાં ચંદ્રની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે બાબતે રસપ્રદ વાતો કરી હતી. પૃથ્વીમાંથી હલકો પદાર્થ છુટો પડેલ તે પૃથ્વીની આસપાસ ફરવા લાગેલ જેને આપણે ચંદ્ર રૂપે જોઈએ છીએ. હલકા પદાર્થને લીધે જ ચંદ્રનું ગુરૂત્વાકર્ષણ ઘણું જ ઓછું છે. હાલમાં જ ચંદ્ર ઉપર મોકલેલ ભારતીય પ્રોબ પોલર ઓરબીટલ હોવાથી આખા ચંદ્રના નકશાઓ તૈયાર કરવાનું શ્રેય ભારતને પ્રથમ વખત મળશે. દુનિયામાં હજુ કોઈએ આવું કામ કરેલ નથી.

પ્રો.સેન, પ્રો.પંડયા અને પ્રો. ત્રિમૂર્તિએ ગુજરાતના સતત વિકાસમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના મહત્તમ અને યોગ્ય ઉપયોગ પર ભાર મૂકયો હતો. ગુજરાતમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રત્યેની પારદર્શક માનસિકતાને લીધે સુવર્ણમય ભાવિ માટેની શકયતાઓ સૌથી વધુ અને પ્રબળ હોવાનું જણાવ્યું હતું.

બપોરે લંચ સમય પછીના સેશનમાં દરેક વિજ્ઞાન વિભાગમાં જે તે વિષય સંબંધિત પત્રો મૌખિક અને પોસ્ટર દ્વારા રજુ થયા હતા. જેમાંથી અગ્ર ક્રમ પ્રાપ્ત કરનાર સંશોધકોને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્ય હતા.

પ્રો. કે.સી. પોરીયાના જણાવ્યા પ્રમાણે ગુજરાત સાયન્સમાં સૌથી વધુ સંશોધન કરતા વિદ્યાર્થીઓને મહત્ત્વ આપવામાં આવ્યું હતું અને યુવા વૈજ્ઞાનિકોને પોતાના કામને સુગ્રથિત કરવા માટે વધુ તક પ્રાપ્ત થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સંશોધનકર્તાને તેમના સંશોધન કાર્યની ગુણાત્મક બાબતોને ધ્યાને લઈ તેમને મૌખિક અથવા પોસ્ટર માટે પસંદગી કરવામાં આવી હતી. કુલ ૭૯૬ સંશોધકોએ ભાગ લીધો હતો અને ૨૦ ફેલોમેમ્બર પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં મુખ્ય મહેમાન કુલપતિ પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ ઉપસ્થિત મહાનુભાવોને મિમેન્ટો આપી આભાર વ્યકત કર્યો હતો. મિમેન્ટો ડૉ. એસ.કે. ટાંક, ડૉ. વી.જી. જોષી, ડૉ. સૌરભ પટેલના હસ્તે અર્પણ થયા હતા. આભારવિધિ ડૉ. એસ.એસ. ગોદરેએ કરી હતી.

આ કોન્ફરન્સમાં ૮૦૦ નોંધાયેલ પ્રતિનિધિઓ સહિત કુલ ૧૦૦૦ પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી બાયોસાયન્સ, કેમેસ્ટ્રી, કમ્પ્યૂટર, આઈ.ટી. સાયન્સ, ફીઝીકસ, ફાર્મસી/હોમિયોપેથી અને ગણિતશાસ્ત્ર વિષય ઉપર ૨૦૦ થી વધુ સંશોધનપત્રોનું ઓરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશન થયું હતું. પ્રસ્તુત થયેલ સંશોધનપત્રોને એકેડેમિક કમિટિએ પસંદ કરેલ હતા. પ્રસ્તુત થયેલ ૨૦૦ ઉપરાંત સંશોધન પત્રોનું વિષય પ્રમાણે એક જ સીડીમાં આલેખન કરવામાં આવ્યું છે. તદપરાંત સોવેનિયર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના પરિસરમાં સૌપ્રથમ ૧૯૮૦, ૧૯૯૨ અને ૨૦૦૯માં ગુજરાત સાયન્સ કોંગ્રેસની કોન્ફરન્સ ભરાઈ હતી જે ગૌરવપ્રદ ઘટના છે.

આ કોન્ફરન્સમાં આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ઓન. ડાયરેકટરશ્રી પ્રોફે. જે.એન. ગોસ્વામી, ઓન. ફોર્મર ડાયરેકટર પ્રોફે. એસ.પી. પંડયા, ન્યૂ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, નાગાર્જુન યુનિવર્સિટી, ગંટૂરના ઓન. ચીફ એડવાઈઝર પ્રોફે. પી. ત્રિમૂર્તિ અને અન્ય વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કોન્ફરન્સના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકે પ્રોફે. કે.સી. પોરિયા, કન્વીનર તરીકે પ્રિ. એ.જી. મહેતા અને ડૉ. એન.કે. ઝવેરી તથા તેમના સભ્યોએ પ્રશંસનીય કાર્ય કરીને કોન્ફરન્સને સફળતા બક્ષી હતી.



(કોન્ફરન્સઃ મંચસ્થ મહેમાનો)



(કોન્ફરન્સઃ પ્રેક્ષક ગણ)



(Prof. P. Trimurty)



(Prof. S.P. Pandya)

# અનુસ્નાતક

## મિનાક્ષી-લલિત સાયન્સ એવોર્ડ પરીક્ષા

ગુજરાતના વિજ્ઞાનીઓએ ભેગા મળી એક આગવી સંસ્થા 'ગુજરાત વિજ્ઞાન અકાદમી'ની સ્થાપના કરી છે. પ્રતિ વર્ષ વિજ્ઞાનના પ્રચાર, પ્રસાર અને ઘનિષ્ટ શિક્ષણ માટે આ સંસ્થા પાયાનું કામ કરી રહી છે.

વિજ્ઞાનના વિદ્યાર્થીને પોતાની તાલીમ અને જ્ઞાનને ચકાસવા અનેક મોકા આ સંસ્થા આપે છે. તારીખ ૦૫ ફેબ્રુઆરીએ રાજ્ય કક્ષાની પેપર પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજાઈ હતી. તેમાં આશરે ત્રણસો સ્નાતક - અનુસ્નાતક અને ડૉકટરલ સ્તરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



(મિનાક્ષી-લલિત સાયન્સ એવોર્ડ-પરીક્ષા)

તા. ૮-૨-૨૦૦૯ ના રોજ યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે મિનાક્ષી-લલિત સાયન્સ એવોર્ડ ટેસ્ટ- વિજ્ઞાન સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન થયું હતું જેમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓ જેવી કે ફીઝીકસ, કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બોટની, ઝુલોજી, એન્વાયરમેન્ટલ સાયન્સ, કમ્પ્યૂટર એપ્લીકેશન વગેરેના કુલ ૨૧૬ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. તેમાં ઉત્તીર્ણ થનાર તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા પ્રથમ આવનારને ગુજરાત સાયન્સ કોંગ્રેસમાં હાજર રહેવા આમંત્રણ અપાશે અને વિશિષ્ટ પ્રમાણપત્ર એનાયત કરાશે. પરીક્ષાનું સંચાલન એમ.એસસી. બાયોટેકનોલોજીના પ્રા. ડૉ. ગૌરવ શાહે કર્યું.

## શૈક્ષણિક પ્રવાસ

યુનિવર્સિટીના જળજીવશાસ્ત્ર વિભાગના અભ્યાસક્રમના ભાગ મુજબ ડૉ. એન.સી. ઉજજૈનીયાના નેતૃત્વ હેઠળ એમ.એસસી ભાગ-૧-૨ના વિદ્યાર્થીઓએ તા. ૧૯-૦૧-૦૯ થી તા. ૨૩-૦૧-૨૦૦૯ દરમિયાન કચ્છ વિસ્તારના મુંદ્રા, માંડવી, જખાવ, લખપત, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ અને દરિયાકિનારાની મુલાકાત લીધી હતી. મુંદ્રામાં મેન્ગ્રુવ્ઝનું નિરીક્ષણ કર્યું હતું. માંડવી અને મુંદ્રામાં રેતાળકિનારા અને ખડકાળ કિનારા, જખાવમાં ફીશ લેન્ડીંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. પ્રવાસ દરમિયાન ગુજરાત ડેઝર્ટ ઈકોલોજીના સહકારથી કચ્છ યુનિવર્સિટીના પર્યાવરણ શાખાના અધ્યાપક અને વિદ્યાર્થીઓનો મેળાપ થયો હતો જેથી જ્ઞાનનું આદાનપ્રદાન થયું હતું. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન પ્રાણીઓ અને વનસ્પતિના કરેલ સંગ્રહમાં ૨૬ માછલી, ૨ સમુદ્ર સસલું, ૩ સેપિયા, ૪ દરિયાઈ લીલ અને મૃદુકાય કવચો મળી કુલ ૬૦ જાતિનો સંગ્રહ થયો હતો.

# સંલગ્ન કોલેજ

## આરોગ્ય

ચંદ્રાવતીબેન ધનસુખલાલ પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસીન, સુરતમાં સુરત રાઉન્ડ ટેબલ ૧૩૫ અને સુરત લેડીસ સર્કલ ૭૨ના સહયોગથી તા. ૧૮-૧૨-૨૦૦૮ના રોજ યોજાયેલ રકતદાન શિબિરમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ રકતદાન કરી ૬૯ યુનિટ રકત એકત્રિત કર્યું હતુ.



(રકતદાન શિબિર)

## હોમિયોપેથિક પરિસંવાદ

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડિસીન, સુરત દ્વારા આંતરરાષ્ટ્રીય હોમિયોપેથીક તબીબ શ્રી યોગેશ સેહગલના એકદિવસીય સેમિનારનું આયોજન મહાવીર કાર્ડિયાક હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિવિધ કેસના વિડીઓ કતરણના નિદર્શન દ્વારા હોમીયોપેથી ચિકિત્સામાં કેવી રીતે સરળતાથી કેસ લઈ શકાય તથા ઝડપથી દવાની પસંદગી કરી ન્યૂનતમ સમયમાં રોગનું નિરાકરણ કરી શકાય તથા દર્દીના રોગના લક્ષણોને મહત્ત્વ આપીને તેને પારખવા વિષે સમજણ આપી હતી.



(સેમિનાર : સ્વાગત કાર્યક્રમ)

આ સેમિનારના ઉદ્‌ઘાટક તરીકે સુરતના ધારાસભ્ય શ્રી કિશોરભાઈ વાંકાવાળા, ટ્રસ્ટના ચેરમેનશ્રી ડૉ. દશરથભાઈ પચ્ચીગર, સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગર કોર્પોરેટર શ્રી બલ્લુભાઈ, ઝોન કાઉન્સેલર શ્રી અનિલભાઈ ગોપલાણી, ૨૦૦ ડોકટરો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.


આ સેમિનારમાં ડૉ. નીતા બેંકરે સ્વાગત પ્રવચન, ડૉ. રૂપલ ચૂડાવાળા તેમજ ડૉ. નિખિલ ભાણાભગવાનવાળાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ સેમિનાર સમિતિના ચેરમેન ડૉ. અક્ષય બેંકરે કરી.

## સ્પર્ધા

- શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત દ્વારા તા. ૧૭/૧/૨૦૦૯ ના રોજ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન અને હોસ્પિટલ, સુરતના વિદ્યાર્થીઓ (૧) રામોલીયા નિમેષ (૨) સુરતી ભાવિકે ભાગ લીધો હતો, જેઓએ અનુક્રમે (૧) ગુજરાત મારું ગૌરવ (૨) ઈચ્છામૃત્યુને ભારતે કાયદેસર કરવું જોઈએ ? એ વિષય ઉપર વકતવ્ય આપ્યું હતું અને અનુક્રમે પ્રથમ તથા તૃતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. યુનિવર્સિટીના ૩૬મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવમાં કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.
- શ્રી ઈ.ઓ. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં આચાર્યશ્રી ડૉ. મિનાક્ષીબેન જે. ચાવડાની ઉપસ્થિતિમાં તા. ૨૦-૯-૦૮ ના રોજ ગાંધી જયંતી નિમિત્તે ''પૂ. બાપુના જીવનના અનુકરણીય બોધક પ્રસંગો'' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ સ્પર્ધકોમાંથી પ્રથમ - શ્રી રબારી પ્રતિશભાઈ એમ., દ્વિતીય - શ્રી પરમાર અમિતકુમાર એમ., તૃતીય - શ્રી ડામોર જશવંતસિહ કે. રહ્યા હતા.
- સ્પર્ધાનું આયોજન પ્રા. શ્રીમતિ વનિતાબેન પટેલ તથા પ્રા. શ્રી નટુભાઈ બી. સોલંકીએ કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી આશાભાઈ આર. પરમાર, શ્રી જયંતિલાલ એમ ગામીત અને ડૉ. કુ. મંજુલાબેન બી. પ્રજાપતિએ સેવાઓ આપી હતી.

## આર્થિક પરિષદ

ક્રાંતીગુરૂ શ્યામજી ક્રિષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી-ભુજ ખાતે તા. ૬-૭ ફેબ્રુઆરીના રોજ ગુજરાતના અર્થશાસ્ત્રના અધ્યાપકોનું ૩૯મું વાર્ષિક અધિવેશન મળ્યું હતું. આ પરિષદમાં અંબાબા કોમર્સ કોલેજના ઈ.ચા. આચાર્ય શ્રી ડૉ. યોગેશ એન. વાંસિયાએ 'ગુજરાતના માનવવિકાસ' પરની પેનલ ચર્ચામાં એક તજજ્ઞ તરીકે માનવવિકાસ સૂચકઆંકની માપણી માનવવિકાસના વિવિધ પાસાઓ અને ગરીબાઈની સમસ્યાઓની તેમણે કરેલા સંશોધનના આધારે અગત્યના મુદ્દાઓની ચર્ચા કરી હતી. પ્રો. વી.બી. શાહ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોમર્સ કોલેજમાંથી પ્રા.દીવ્યાની પટેલે 'ગુજરાતમાં વસ્તીનું વળતર', અર્થશાસ્ત્ર વિભાગમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સેવા આપતા શ્રી મનીષ આર. પટેલે "Demographic Divided in Gujarat : A Theoretical Perspective", અંકલેશ્વર કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપક શ્રી આર.ડી. મોદીએ 'ગુજરાતમાં વસ્તીના વળતરઃ પારસીઓના પરિપ્રેક્ષ્ય' અને પ્રા. બી.સી. બ્રમભટ્ટ (બીલીમોરા) 'ગુજરાતમાં વસ્તીના વળતર' ઉપર સંશોધન પત્રો પ્રસ્તુત કર્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપકો મોટી સંખ્યામાં આ પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.




(પરિષદ : મંચસ્થ મહાનુભાવો)

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

એમ.વી. કામથઃ સ્મરણયાત્રાઃ સંવેદનશીલ ગુફતગૂ
લે.: એમ.વી. કામથ, સંકલનઃ કાલિન્દી રાંદેરી
પ્રકાશકઃ અમદાવાદઃ આર.આર. શેઠની કંપની, ૨૦૦૮ પૃ.૨૨૬.
રૂા. ૧૫૦.૦૦

શ્રી એમ.વી. કામથ ધી ઈલેકસ્ટ્રેટેડ વીકલીના તંત્રી હતા. ખબરપત્રી, તંત્રી અને પત્રકાર તરીકેની કારકિર્દીમાં તેમણે વિશ્વમાં પ્રવાસ કર્યો હતો. પ્રખ્યાત સમાચારપત્રોના સંવાદદાતા અને તંત્રી તરીકે પણ તેમણે કામ કર્યું છે. એમ.વી. કામથે પાંચ દાયકાના અનુભવનો નિચોડ આ પુસ્તકમાં પ્રસ્તુત કર્યો છે. રાજકર્તાઓ, નોબલ પારિતોષિક વિજેતાઓ, ફિલ્મ અને નાટયજગતની પ્રખ્યાત હસ્તીઓ અને વિવિધ ક્ષેત્રોની વિખ્યાત હસ્તીઓને તેઓ રૂબરૂ મળ્યા છે અને એ પ્રસંગોનું આ ગ્રંથમાં સુંદર આયોજન ટૂંકમાં પ્રસ્તુત કર્યાં છે. જેનું સંકલન કાલિન્દી રાંદેરીએ કર્યુ છે.

આ ગ્રંથના વિભાગ-૧ના નામાંકિત વ્યકિતઓ સાથેની મુલાકાતોમાં મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરૂ, ડો. આંબેડકર, ડો. સી.વી. રામન, એડગર સ્નો, અલી સાસ્ત્રમીડાજો, જસ્ટીસ હોલ્મસ, કર્નલ ફિટ્ઝપેટ્રિક, હેન્રી કેબોટ લોજ, હેમરશોલ્ડ, પ્રોફેસર મેકસ લર્નર, કૃષ્ણ મેનન, માર્ટીન લ્યૂથર કિંગ, કુઝનેસ્યોત, મોરારજી દેસાઈ, ખુશ્ચેવ, એમ.સી. ચાગલા, ઈન્દિરા ગાંધી, ડો. હોમી ભાભા, ઝુલ્ફીકાર અલી ભુટ્ટો, આર.કે. નારાયણ, નિકસન, નવાબ અલી યાવર જંગ, કિસિન્જર, કમલાદેવી ચટોપાધ્યાય, જસ્ટીસ હિદાયતુલ્લા અને જે.આર.ડી. ટાટા સાથેના સીધા સંવાદોનું અદ્‌ભુત આલેખન થયેલ છે. આ આલેખનથી આપણને તત્કાલિન સમયની સાંપ્રત પરિસ્થિતિનો સુપેરે ખ્યાલ મળે છે. વિભાગ-૨ના 'હૃદયની ઊંડી કોતરોમાં ભ્રમણ'માં એમ.વી. કામથના પત્રકારત્વક્ષેત્રના અનુભવોનું રસપ્રદ વર્ણન જોવા મળે છે.

આ પુસ્તક પત્રકારત્વક્ષેત્રે સંકળાયેલ સૌ કોઈને અનુભવનું ભાથુ પૂરું પાડે છે. સંક્ષિપ્ત સ્વરૂપે વિવિધ પ્રસંગોનું આલેખન વાચકને પકડી રાખે છે. પત્રકાર તરીકે કઈ રીતે ઘડાવું, મુલાકાતો ગોઠવવી-લેવી, સંવાદદાતા અને તંત્રી લેખ લખવા માટેની કોઠાસૂઝનો પરિચય પત્રકારત્વ ક્ષેત્રે કાર્ય કરતા સૌ કોઈને આ પુસ્તક થકી મળે છે.

આ પુસ્તકનું સંકલન કાલિન્દી રાંદેરીએ કરીને પત્રકાર જગત નહિ પણ સૌ કોઈને વિવિધ વ્યકિતઓના વિભિન્ન પાસાઓને વાચક સમક્ષ પ્રસ્તુત કર્યા છે. જે વાચકને આ પુસ્તકનું વાચન પૂર્ણ કરવા માટે જકડી રાખે છે. એક જ બેઠકે પૂર્ણ થઈ જાય તેવું અદ્‌ભૂત પુસ્તક આપણને પ્રાપ્ત થયું છે.

ગુજરાતની ભાષામાં પત્રકારત્વને સ્પર્શતા પુસ્તકો સર્વશ્રી ડૉ. યાસીન દલાલ, ડૉ. ઈશ્વરલાલ ર. દવે, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી વિષ્ણુ પંડયા અને શ્રી ર.લી. વાયડાએ આપણને પ્રાપ્ય છે.

આ પુસ્તક યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બાબુલાલ અંકુયા
ઈન્ચાર્જ લાઈબ્રેરિયન

## MESSAGE



To
Prof. B.A. Prajapati
Vice Chancellor

I am glad to learn that Veer Narmad South Gujarat University has taken right step by publishing fortnightly "Dakshinayan : VNSG University Newsletter".

I am sure the newsletter will play a catalyric role among all the stakeholders concerned with university education. NEWS about progress made by the teachers and the students will provide motivation for better performance.

My warm wishes to the publication.

**Ramanlal Vora**
**Government of Gujarat**
**Minister, Education, Higher and Technical, Gandhinagar**

## પ્રતિભાવ

To
Dr. B.A. Prajapati
Vice Chancellor

Dear Sir,

Congratulations for starting the University News Letter.

North Gujarat University's news letter is still being printed on ordinary bond paper whereas your University has started printing the news letter on art paper. Thus, you are able to print a photograph which makes the letter interesting for the readers. The presentation reflects your interest and taste. I am sure that news letter will be appreciated by all your Educational Institutions and your associates. I am confident that you will establish a standard which will leave your foot prints on the sands of time. I wish you all the best, in your this new activity.

With warm personal regards.

**Lalit P. Shah - Trustee,**
**S.K. Trust. Mumbai.**

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT




**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com